Re-Accredited B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

ક્રમાંક:રવાનગી/૩૭૯/૨૦૨૪
તા.૧૨/૦૮/૨૦૨૪

# અખબારી યાદી

## યુનિવર્સિટીમાં "UNLEASHING INNOVATIONS FOR AND FROM THE GRASSROOTS" સત્રનું આયોજન કરવામાં આવ્યું

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં કાર્યરત ઈન્ક્યુબેશન સેન્ટર, ઇન્સ્ટીટ્યુશન ઇનોવેશન કાઉન્સિલ, આઇડિયા એન્ડ ઇનોવેશન સેલ અને SSIP દ્વારા તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ "**UNLEASHING INNOVATIONS FOR AND FROM THE GRASSROOTS**" સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી કિશોરસિંહ ચાવડા સાહેબ તથા કુલસચિવશ્રી ડૉ. આર.સી. ગઢવી, SSIP અને SECના કો-ઓર્ડીનેટર ડૉ. પરેશ પારેખ, આજના સત્રના મુખ્ય વક્તાશ્રી અનીલ ગુપ્તા તથા થીમ સ્પીકર ડૉ. અનામિકા ડે, યુનિવર્સિટીના અધ્યાપકશ્રીઓ તથા વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ સત્રનો મુખ્ય હેતુ ગ્રાસરૂટ લેવલ પરના લોકો અને તેમના રોજિંદા જીવનના અનુભવોમાંથી નવીનતાઓને શોધવા અને તેને મજબૂત બનાવવા માટે છે. આની સાથે, એ પણ મહત્વનું છે કે તેમના મનોવિજ્ઞાન, પરંપરા અને સ્થાનિક જ્ઞાનને માન્યતા આપવી, જેથી તેઓ પોતાની સમસ્યાઓના સ્વતંત્ર અને સ્વાદિષ્ટ ઉકેલ શોધી શકે.

મુખ્ય વક્તાશ્રી અનીલ ગુપ્તા 2017માં નિવૃત્ત થયા પછી CMA, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદમાં મહેમાન પ્રાધ્યાપક તરીકે કાર્યરત છે. તેઓએ આઈઆઈટી બોમ્બે, NIPER-A, અને AcSIRમાં પણ શિક્ષણ આપ્યું છે. તેઓ હની બી નેટવર્ક, નેશનલ ઇનોવેશન ફાઉન્ડેશન, SRISTI, અને GIAN ના સ્થાપક છે. તેમના સત્ર દરમિયાન તેમણે જણાવ્યું હતું કે જે લોકોની પાસે અમૂલ્ય જ્ઞાન છે, જે પરંપરાગત જ્ઞાન અને અનુભવને આધારે જીવન વિતાવે છે, તેમના વિચારોને માન્યતા આપવી એ આપણો ફરજ છે. એક સમયે જો આ લોકોના વિચારો અને નવીનતાઓને મુક્ત અને વિસ્તૃત કરવાનો પ્રયત્ન કરવામાં આવે તો આ માનવજાત માટે શ્રેષ્ઠતમ ઉકેલો આપી શકે છે. આપણા દેશની ભવિષ્યની પ્રગતિ તે જ સમયની છે, જ્યારે આપણે પાયાના સ્તરે નવીનતાઓને માન્યતા આપીને, તેને ઉત્તમ રીતે ઉપયોગ કરીશું. તેમના સત્ર દરમિયાન વિદ્યાર્થીઓને અપલોડ ટુ ડાઉનલોડ ના ઉદાહરણ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કર્યા હતા અને

વિદ્યાર્થીઓના મનમાં શું ચાલી રહ્યું છે અને શું આઈડિયાઝ છે તે દુનિયાને જણાવવું જેથી તે સમાજને આગળ વધારવામાં મદદ કરે જેવી અનેક વાતોથી વિદ્યાર્થીઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

ડૉ. અનામિકા ડે તેઓ હાલમાં ગુજરાત ગ્રાસરૂટ્સ ઇનોવેશન ઓગમેન્ટેશન નેટવર્ક (GIAN) ના CEO તરીકે કાર્યરત છે અને IIM અમદાવાદમાં પ્રાધ્યાપક તરીકે તાલીમ આપે છે. અનામિકાએ UNDP એક્સેલેરેટર લેબ્સને વૈશ્વિક સ્તરે મૅપિંગ સોલ્યુશન્સમાં માર્ગદર્શન આપ્યું છે અને GIANSTREના સહ-નિર્દેશક તરીકે પણ સેવા આપી છે. તેમની પીએચડી સંશોધન કૃષિ ક્ષેત્રે જળવાયુ પરિવર્તન સામે સહનશીલતા પર કેન્દ્રિત છે. તેઓએ અનેક આંતરરાષ્ટ્રીય વર્કશોપમાં નિષ્ણાત તરીકે ભાગ લીધો છે અને હની બી ન્યૂઝલેટરના સહ-સંપાદક તરીકે પણ યોગદાન આપ્યું છે. તેમના સત્ર દરમિયાન તેમના દ્વારા વિદ્યાર્થીઓમાં ઇનોવેશનની પ્રૅક્ટિકલ સમજણ આપવા એક પ્રવૃત્તિ આપવામાં આવી હતી. જેમાં દરેક વિદ્યાર્થીઓએ પોતાની આસપાસ રહેલ પ્રોબ્લેમનું સોલ્યુશન આપતું ઇનોવેશન જણાવવાનું હતું. સૌથી શ્રેષ્ઠ અને ઇનોવેટિવ આઇડિયા માટે તેઓને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તેઓએ વિદ્યાર્થીઓને કેટલાક ઉદાહરણો દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ ઉપરાંત તેઓ દ્વારા આયોજિત સ્પર્ધામાં ભાગ લેવા પણ પ્રોત્સાહન આપ્યું હતું.

પ્રતિ,
આદરણીય તંત્રીશ્રી/સંચાલકશ્રી
સુરત.

કુલસચિવ